# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. કાર્યકાળના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - ગરીબોના કલ્યાણ માટે દેશમાં અનેક પરિવર્તનો થયા.
2. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ દેશમાં અત્યાર સુધીમાં ચાર કરોડથી વધુ આવાસોનું નિર્માણ થયું.
3. દ્વિપક્ષિય સંબંધોને નવા શિખર સુધી પહોંચાડવા ચીનના રાષ્ટ્રપતિ ઉત્તર કોરિયાના પ્રવાસે.
4. આકાશવાણીએ નવ દાયકા પૂર્ણ કરતાં કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ શુભેચ્છાઓ પાઠવી.
5. ઇઝરાયેલ અને ઇરાનના એકબીજા પર હુમલા - ટ્રમ્પે ઇરાનને વાટાઘાટો માટે ફરી ટેબલ પર પરત ફરવા અપીલ કરી.
6. નબળા વૈશ્વિક સંકેતોના પગલે ભારતીય શેરબજારમાં નરમાશ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM GARIB KALYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગરીબોના લાભ માટે સરકારની 12 વર્ષની વિકાસ યાત્રા પર પ્રકાશ પાડ્યો. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, આ સમયગાળા દરમિયાન, દેશમાં ઘણા ફેરફારો જોવા મળ્યા છે, ગરીબો અને વંચિતોનું કલ્યાણ આ ફેરફારોના કેન્દ્રમાં રહ્યું છે.

તેમણે જણાવ્યું કે, જન ધન ખાતું, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, સ્વચ્છ ભારત અભિયાન, પીએમ આવાસ યોજના, જળ જીવન મિશન અને આયુષ્માન ભારત જેવી દરેક પહેલનો ઉદ્દેશ્ય લોકો માટે ગૌરવ અને તક સુનિશ્ચિત કરવાનો છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર અને ડિજિટલ ચેનલો લોકોને સીધી અને પારદર્શક રીતે સહાય પહોંચાડી રહી છે. આનાથી લક્ષ્ય જૂથો સુધી મહત્તમ લાભ પહોંચે, કાર્યક્ષમતામાં વધારો થાય અને શાસનમાં વિશ્વાસ વધે તે સુનિશ્ચિત થયું છે.

# GARIB KALYAN-CHOUHAN

ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, ગરીબોના કલ્યાણના 12 વર્ષ દેશભરના કરોડો ગરીબ પરિવારોના જીવનમાં ગૌરવ, સુરક્ષા અને આત્મવિશ્વાસનો નવો અધ્યાય સાબિત થયા છે.

શ્રી ચૌહાણે પ્રધાનમંત્રી જન-ધન યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, જળ જીવન મિશન, આયુષ્માન ભારત અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના જેવી પહેલો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે, આ 12 વર્ષોએ ગરીબો અને વંચિતોના જીવનમાં આશા, તક અને આત્મવિશ્વાસનો એક નવો અધ્યાય લખ્યો છે.

# MANOHAR – PM AWAS

ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ દેશમાં અત્યાર સુધીમાં ચાર કરોડથી વધુ ઘરો બનાવવામાં આવ્યા છે. આ ઘરો નળનું પાણી, રસોઈ ગેસ અને શૌચાલય જેવી આવશ્યક મૂળભૂત સુવિધાઓ પૂરી પાડે છે. તેમણે આને આવાસ ક્ષેત્રમાં એક મોટું પરિવર્તન ગણાવ્યું, જે લાખો ગરીબ પરિવારો માટે સલામત અને ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરે છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, છેલ્લા 12 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, દેશમાં સમાવિષ્ટ વિકાસને નવી ગતિ મળી છે, અને ગરીબ કલ્યાણ યોજના સમગ્ર વિશ્વ માટે એક ઉદાહરણ બની છે.

# WB AYUSHYMAN

પશ્ચિમ બંગાળ આજે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અમલ માટે સજ્જ છે, રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળ અને પશ્ચિમ બંગાળ સરકાર વિશ્વની સૌથી મોટી જાહેર ભંડોળથી ચાલતી આરોગ્ય ગેરંટી યોજનાના અમલીકરણ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરશે.

દિલ્હીમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાની ઉપસ્થિતીમાં આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાશે.

# XI JINPING-N KOREA

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ બે દિવસની મુલાકાતે ઉત્તર કોરિયા પહોંચ્યા છે. લગભગ સાત વર્ષમાં શ્રી જિનપિંગનો આ પહેલો પ્યોંગયાંગ પ્રવાસ છે. બેઇજિંગ તેના ઉત્તર કોરિયા સાથેના દિર્ઘકાલીન સંબંધોને વધુ મજબૂત બનાવવા માંગતુ હોવાના પરિણામે આ મુલાકાત થઇ રહી છે.

ઉત્તર કોરિયા તાજેતરના વર્ષોમાં રશિયાની નજીક આવ્યો છે. બંને રાષ્ટ્રો વચ્ચેની વાટાઘાટો આર્થિક સહયોગ, કોરિયન દ્વીપકલ્પ પર સુરક્ષા મુદ્દાઓ અને પ્યોંગયાંગ, બેઇજિંગ અને મોસ્કો વચ્ચે સંકલનને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત રહેશે.

સાંભળીએ એક અહેવાલ..

(VC- VAISHNAVI)

# AKASHVANI 90 YEARS

દેશનું વિશ્વસનીય જાહેર પ્રસારણકર્તા, આકાશવાણી આજે તેની 90મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. 1936માં આજના દિવસે, ભારતીય રાજ્ય પ્રસારણ સેવાનું નામ બદલીને ઓલ ઈન્ડિયા રેડિયો રાખવામાં આવ્યું. આ ઐતિહાસિક દિવસ દેશના સાંસ્કૃતિક, માહિતીપ્રદ અને પ્રસારણ ઇતિહાસમાં એક ખાસ ક્ષણ છે.

વર્ષ 1956માં, ઓલ ઈન્ડિયા રેડિયોનું નામ બદલીને આકાશવાણી કરવામાં આવ્યું. આજે આકાશવાણી 591 રેડિયો સ્ટેશનનું સંચાલન કરે છે. 23 ભાષાઓ અને 146 બોલીઓમાં આકાશવાણીની પ્રસારણયાત્રા અવિરત ચાલી રહી છે.

"બહુજન હિતાય, બહુજન સુખાય" ના ઉમદા આદર્શોને અનુસરીને, આકાશવાણીનો સમાચાર સેવા વિભાગ, રેડિયો પ્રસારણમાં ઉચ્ચતમ વ્યાવસાયિક નૈતિકતા અને ધોરણોનું પાલન કરીને, દેશના વિવિધ ભાગોમાં રહેતા દરેક વ્યક્તિને દરરોજ મુખ્ય ભાષાઓ અને બોલીઓમાં સમાચાર પહોંચાડે છે.

# RIJIJU - AKASHVANI

લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ 90 ગૌરવશાળી વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આકાશવાણીને શુભેચ્છાઓ પાઠવી છે. એક વિડિઓ સંદેશમાં, શ્રી રિજિજુએ કહ્યું કે, આજે આખો દેશ આકાશવાણી સાથે જોડાયેલો છે. તેમણે કહ્યું કે આકાશવાણી દ્વારા, એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવનાને મજબૂત બનાવવામાં આવી રહી છે.

## (BYTE - KIREN RIJIJU)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# TRUMP-NETANYAHU

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુને ઇરાન પર હુમલા ન કરવા વિનંતી કરી છે. ટ્રમ્પે કહ્યું કે, નવેસરથી કરવામાં આવેલા હુમલાઓ શાંતિ કરારને જોખમમાં મૂકી શકે છે.

શ્રી ટ્રમ્પે કહ્યું કે, ઈરાનના મિસાઈલ હુમલાઓ વાટાઘાટોને પાટા પરથી ઉતારશે નહીં અને તેહરાનને વાટાઘાટોના ટેબલ પર પરત આવવા કહ્યું. ઈરાને ઈઝરાયેલ પર બેલેસ્ટિક મિસાઈલ છોડ્યા બાદ તેમની તેમણે આ પ્રતિક્રિયા આપી હતી.

શ્રી ટ્રમ્પે આશા વ્યક્ત કરી કે, ટૂંક સમયમાં કરાર પર હસ્તાક્ષર થશે અને દાવો કર્યો કે વોશિંગ્ટન કરારની સંમતિની નજીક છે.

# ISRAEL RETALIATION ON IRAN

ઇઝરાયલે આજે ઇરાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી શરૂ કરી છે. ઇરાનની રાજ્ય સમાચાર એજન્સીના અહેવાલ મુજબ ઇરાનના તહેરાનમાં બે અને ઇસ્ફહાનમાં ત્રણ વિસ્ફોટ થયા છે. ઇઝરાયલ સંરક્ષણ દળોએ એક નિવેદનમાં જણાવ્યું કે, ઇઝરાયલી વાયુસેના હાલમાં હુમલાને રોકવા અને જરૂરી હોય તો વળતો હુમલો કરવા કાર્યવાહી કરી રહી છે.

આ ઘટનાઓથી પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો છે. આ હુમલાઓ એવા સમયે થયા છે, જ્યારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઇરાન સાથે ચાલી રહેલા સંઘર્ષમાં યુદ્ધવિરામ જાળવવાની અપીલ કરી રહ્યા છે.

બીજી તરફ ઇરાકના શિયા સૈન્ય જૂથ કતૈબ હિઝબુલ્લાહે અમેરિકા ઇરાન સામે સૈન્ય હુમલા કરશે તેઓ ઇરાકમાં સ્થિત અમેરિકન સૈન્ય થાણાઓ પર હુમલો કરશે. તો ઇરાકના નાગરિક ઉડ્ડયન સત્તામંડળે દેશના હવાઈ ક્ષેત્રને 72 કલાક માટે અસ્થાયી રૂપે બંધ કરવાની જાહેરાત કરી છે.

# PHILIPPINES - EARTHQUAKE

આજે સવારે દક્ષિણ ફિલિપાઇન્સમાં 7.8ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. તેમાં પાંચ લોકોના મોત અને 200થી વધુ લોકો ઘાયલ થયા છે. નુકસાનનું હજુ પણ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

ફિલિપાઇન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીએ અહેવાલ આપ્યો કે, ભૂકંપનું કેન્દ્રબિંદુ મિંડાનાઓ ટાપુ પર સારંગાની પ્રાંતમાં માસિમ કિનારાથી 32 કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં હતું. ઇન્ડોનેશિયાના ઉત્તર સુલાવેસી અને માલુકુ પ્રાંતોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

'પેસિફિક રિંગ ઓફ ફાયર' પર સ્થિત, ફિલિપાઇન્સમાં વારંવાર ભૂકંપ અને જ્વાળામુખી ફાટી નીકળવાના અનુભવ થાય છે.

# JAPAN-ADVISORY

જાપાનની હવામાન એજન્સીએ પેસિફિક કિનારે આવેલા ઇબારાકી પ્રીફેક્ચરથી ઓકિનાવા સુધીના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામીની ચેતવણી જાહેર કરી છે. ફિલિપાઈન્સમાં વિનાશક ભૂકંપ આવ્યા બાદ ચેતવણી જારી કરવામાં આવી હતી.

પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે ફિલિપાઈન્સમાં 3 મીટર અને મલેશિયામાં એક મીટર સુધીના મોજાની ચેતવણી જારી કરી હતી. આ વિસ્તારના લોકોને દરિયાકિનારાથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.

# STOCK

નબળા વૈશ્વિક સંકેતો વચ્ચે આજે ભારતીય શેરબજાર ઘટાડા સાથે કારોબાર કરી રહ્યું છે. આઇટી, રિલાયલિટી, ઓટો સહિતના સેક્ટરના શેરોમાં નરમાશના પગલે પ્રારંભિક તબક્કે માર્કેટ ઘટાડા સાથે ખુલ્યુ હતું. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને ઇંધણના ભાવમાં વધારાના પગલે શેરબજાર બપોર બાદ પણ 500 કરતાં વધુ પોઇન્ટના કડાકા સાથે વ્યવહારો કરી રહ્યું હતું..

છેલ્લા અહેવાલ સાંભળીયા ત્યારે સેન્સેક્સ 466 અને નિફ્ટી 150 ના ઘટાડા સાથે ટ્રેન્ડ થઇ રહ્યુ હતું.

# PANCHAYATI RAJ -WORKSHOP

પંચાયતી રાજ મંત્રાલય આવતીકાલે ગુજરાતના ગાંધીનગરમાં આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ પર હાઇબ્રિડ આઉટરીચ કાર્યશાળાનું આયોજન કરશે. પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિવેક ભારદ્વાજ આ કાર્યક્રમમાં ભાગ લેશે. ગુજરાતની ગ્રામ પંચાયતો અને બ્લોક પંચાયતો વીડિયો કોન્ફરન્સ દ્વારા કાર્યશાળામાં જોડાશે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ પંચાયત અને બ્લોક પંચાયત સ્તરના નેતાઓ સાથે સીધો સંચાર સ્થાપિત કરવાનો છે.